# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

**(ગુજરાત સરકારનું જાહેર સાહસ)**
**ત્રીજો માળ, બી–૧ વીંગ, બ્લોક નંબર–૧, કર્મયોગી ભવન,**
**સેકટર–૧૦/એ, ગાંધીનગર.**

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજયમાં મહાનગરપાલિકા/નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારમાં છૂટક ગટર સફાઈનું કામ કરતાં રોજમદાર સફાઈ કામદારોને ગટરની સફાઈ કરવા માટે જરૂરી ડિઝલ મશીન, લોડીંગ સાઈકલ, પાઈપ તેમજ સલામતીનાં સાધનોની ખરીદી કરવા માટે મહતમ રૂ.૫૦,૦૦૦/– ની મર્યાદામાં રાજયનાં લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝ ડ્રો સીસ્ટમથી સહાય આપવા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**<u>સહાયની રકમ (યુનિટ કોસ્ટ)</u>**

| ક્રમ | વિગત | રકમ રૂપિયા | ચુકવણી કરવાની પધ્ધતિ |
|---|---|---|---|
| ૧ | સફાઈ કામદારોને ડિઝલ મશીન | રૂા. ૨૫,૦૦૦/– | કોટેશન મુજબ |
| ૨ | લોડીંગ સાયકલ (ડિઝલ મશીનની હેરફેર માટે) | રૂા. ૧૫,૦૦૦/– | કોટેશન મુજબ |
| ૩ | પાઈપ તેમજ સલામતીના સાધનો (ગ્લોઝ/હોલ શુઝ) | રૂા. ૧૦,૦૦૦/– | ચેકથી લાભાર્થીને ચુકવણું |
| **કુલ** | | **રૂા. ૫૦,૦૦૦/–** | |

**<u>પાત્રતાના ધોરણો :</u>**

(૧) મુળ ગુજરાત રાજયના વતની હોય તેવાં રોજમદાર સફાઈ કામદાર કે જેઓ મહાનગરપાલિકા/ નગરપાલિકા/ગ્રામ પંચાયત વિસ્તારોમાં છૂટક રીતે ગટર સફાઈનું કામ કરતાં હોય તેવી વ્યકિતઓ આ સહાય મેળવવાને પાત્ર થશે.

(૨) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૩) બી.પી.એલ/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.

(૪) સફાઈ કામદાર ગટર સફાઈનું છૂટક કામ કરતાં હોવા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) ક્રમ નંબર–૧ અને ૨ મુજબના મશીન અને સાધન ખરીદ કરવા માટે અધિકૃત વેપારીપેઢી કે જે ક્રમ નંબર–૧ અને ૨ મુજબના મશીન અને સાધન વેચાણ અંગેનો GST નંબર ધરાવતા હોય તેવી જ વેપારીપેઢીના કોટેશન/બીલો રજુ કરવાના રહેશે. જો અરજદાર દ્વારા રજુ કરેલ વેપારીપેઢી GST નંબર ધરાવતી ન હોય તો તેવા અરજી ફોર્મ નામંજુર કરવામાં આવશે.

(૬) સહાય મળ્યાબાદ અરજદારે રજુ કરેલ કોટેશન મુજબ ડિઝલ મશીન, લોડીંગ સાયકલ અને સલામતીના સાધનોની ફરજીયાત ખરીદી કરવાની રહેશે અને આકસ્મિક તપાસ દરમ્યાન એસેટ જોવા નહીં મળે તો અરજદાર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

(૭) પ્રસ્તુત જાહેરાતના અરજી ફોર્મ નીચે આપેલી વેબસાઈટ પર ઓનલાઈન સ્વીકારવામાં આવશે. ઓનલાઈન સિવાયની કોઈપણ અરજીઓ સ્વીકારવામાં આવશે નહિં.

**ઉપર મુજબની પાત્રતા ધરાવતી વ્યકિતઓએ તા. ૦૩/૦૮/૨૦૨૫ થી તા. ૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં નિગમની વેબસાઈટ <u>https://gskvnonline.gujarat.gov.in</u> પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી ફોર્મ કન્ફોર્મ થયા બાદ અરજદારે અરજી ફોર્મની પ્રિન્ટ જરૂરી આધાર–પુરાવા સહિત સંબંધિત જિલ્લા કચેરીને તા.૨૦/૧૦/૨૦૨૫ નાં રોજ ૧૮ : ૦૦ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે.**

અરજદારે ઓનલાઈન અરજી ફોર્મ ભરતાં પહેલાં ફોર્મ સાથેની જરૂરી સૂચનાઓ અને શરતો વાંચી સમજીને ફોર્મમાં સંપૂર્ણ વિગતો જાતે ઓનલાઈન ભરવાની રહેશે. અધુરી વિગતોવાળા અરજી ફોર્મ રદબાતલ કરવામાં આવશે. સંપૂર્ણ વિગતો ભરેલા અરજી ફોર્મ, જરૂરી સાધનિક કાગળો સાથે આ નિગમ હસ્તકની સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી (અ.જા.ક.) અને જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની કચેરી ખાતે નિયત સમય મર્યાદામાં પરત કરવાના રહેશે. નિયત કરેલ તારીખ બાદ મળેલ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**મેનેજીંગ ડિરેકટર**
ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
ગાંધીનગર